**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : આરતી ભટ્ટ**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 10-07-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## મુખ્યમંત્રી રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસ ઉજવણી

આજે રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસનાં રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ આજે આણંદ ખાતે અને આવતીકાલે ઉકાઈ ખાતે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોમાં ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ તેમજ મત્સ્યોદ્યોગ ક્ષેત્ર સાથે સંબંધિત આધુનિક ટેક્નોલોજી અંગે માછીમારોને જાણકારી આપવામાં આવશે.

પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ વર્ષ 2023-24માં ગુજરાતના ₹61 કરોડથી વધુના પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે. દરિયાઈ માછલીના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં બીજા સ્થાને અને અન્ય તમામ પ્રકારના માધ્યમથી થતા કુલ મત્સ્ય ઉત્પાદનમાં  પાંચમા સ્થાન છે.

**RNU અમદાવાદ**

---

## પી.એમ. કિસાન સન્માન નિધિ યોજના

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો લાભ મેળવવા માટે ખેડૂતોએ તા. ૩૧મી જુલાઈ સુધીમાં ઈ-કેવાયસી અને બેંક ખાતા સાથે આધારકાર્ડ  જોડાણ ફરજિયાત કરાવી લેવાનું રહેશે.  કેન્દ્ર સરકાર દ્વારા આ યોજનામાં નોંધાયેલા ખેડૂત લાભાર્થીઓ માટે ૧૭માં હપ્તાના ચૂકવણા માટે લાભાર્થીઓની ચકાસણીની કાર્યવાહી આગામી ૩૧મી જુલાઇ સુધી ચાલુ છે.

રાજ્યના જે ખેડૂત લાભાર્થીઓને અત્યાર સુધી ઈ-કેવાયસી તથા બેંક ખાતાનુ આધાર સીડીંગ – ડીબીટી એનેબલ કરાવવાનું બાકી હોય તે તમામ લાભાર્થીઓએ તે સત્વરે પૂર્ણ કરવાનું રહેશે, ખેડૂતો જુદી-જુદી ચાર પધ્ધતિઓ દ્વારા ઈ-કેવાયસી પૂર્ણ કરી શકશે. જેમાં ગ્રામસેવક અને વિલેજ નોડલ ઓફીસરનો સંપર્ક કરીને પીએમ કિસાન મોબાઇલ એપ્લિકેશન પરથી ફેસ ઓથેન્ટીકેશન દ્વારા ઈ-કેવાયસી કરી શકાય છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------

## કલેક્ટર- 'આત્મા' પ્રોજેક્ટ ડાયરેક્ટર બેઠક

જિલ્લા કલેકટ્ર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં પ્રાકૃતિક કૃષિ પેદાશો લોકો સુધી પહોંચે અને પંક સ્તરીય મોડેલ ફાર્મની રચના સહિતના મુદ્દે આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટર તથા અન્ય સભ્યો સાથે ચર્ચા

કરવામાં આવી હતી. જે અંતર્ગત કલેક્ટર શ્રી અરોરાએ પાંચ ગ્રામ પંચાયતના કલ્સ્ટર દીઠ તાલીમ, જિલ્લા તેમજ તાલુકાકક્ષાએ પ્રાકૃતિક પેદાશોના વેચાણ કેન્દ્રો બનાવવા તેમજ ખેડૂતલક્ષી યોજનાઓ ખેડૂતો સુધી પહોંચે તેવું આયોજન કરવામાં આવે છે અને પ્રાકૃતિક ખેતીનો બહોળો પ્રચાર પ્રસાર કરવા આ બેઠકમાં જણાવાયું હતું.

**N.P. આરતી ભટ્ટ**

---------------------------------------------------------------------

## કચ્છ યુનિ. સર્ટિફિકેટ કોર્ષ-એમઓયુ

કચ્છ યુનિવર્સિટી, ભુજ અને ગીવ વાચા ફાઉન્ડેશન, અંજાર વચ્ચે કચ્છના વિદ્યાર્થીઓની કૌશલ્ય અને રોજગારલક્ષી ક્ષમતા વધારવા માટે વોકેશનલ સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવા સમજૂતી કરાર (એમઓયુ) પર સહી કરવામાં આવી છે. જેમાં બિઝનેસમાં સોશિયલ મીડિયા,સંગીત ઉત્પાદન,ફિલ્મ નિર્માણ,ભગવદગીતા ઇન મેનેજમેન્ટ સંગીત થેરેપી, વગેરેનો સમાવેશ થાય છે.આ કોર્ષ વ્યાવહારિક જ્ઞાન અને વ્યવહારિક અનુભવ પ્રદાન કરવા માટે ડિઝાઇન કરવામાં આવ્યા છે.

**N.P. આરતી ભટ્ટ**

---------------------------------------------------------------------

## જિલ્લા કોંગ્રેસ કારોબારી બેઠક

કચ્છ જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠક ગાંધીધામ મધ્યે યોજાશે. કોંગ્રેસ પક્ષના સંગઠનને મજબૂત કરવા તેમજ બુથ લેવલ સુધી ચુંનંદા કાર્યકરોને નિમણૂક આપી કોંગ્રેસની વિચારધારાના પ્રચાર પ્રસારને વધુ મજબૂત બનાવવાના ભાગરૂપે આવતી કાલે સવારે ગાંધીધામ નગરપાલિકા સામે રોટરી હોલ ખાતે બેઠક યોજાશે.

**N.P. આરતી ભટ્ટ**

-----------------------------------------------------------------------

## કંડલા નવા કાયદા અંગે જાગૃતિ

દેશમાં નવા કાયદાઓ અમલી થઈ ગયા છે ત્યારે કંડલામાં તે અંગે જાગૃતિ લાવવા કાર્યક્રમ યોજાયો હતો.

કંડલા ઈન્ટરનેશનલ કન્ટેનર ટર્મીનલના પદાધિકારી તથા કર્મચારીઓને સંગઠીત કરીને કંડલા મરીન પોલીસ મથક દ્વારા નવા ફોજદારી કાયદાઓ વિશે લોકોને જાગૃતિ મળી રહે તે હેતુંથી જાગૃતિ અભીયાન યોજાયું હતું. જેમાં અંદાજે 150 પદાધિકારી તથા કર્મચારીઓ તથા પોલીસ સ્ટાફ હાજર રહ્યા હતા.

**N.P. આરતી ભટ્ટ**

-----------------------------------------------------------------------

## ગાંધીધામ-રોપા વિતરણ

ગાંધીધામ ઝંડા ચોક ખાતે કચ્છી કલા વિકાસ ટ્રસ્ટ દ્વારા આયોજીત નિઃશુલ્ક રોપા વિતરણ કાર્યક્રમમાં બહોળો પ્રતિસાદ મળ્યો હતો અને એક જ કલાકમાં 1100 રોપાનું વિતરણ કર્યું હતું.

**N.P. આરતી ભટ્ટ**

-----------------------------------------------------------------

## વરસાદ

કચ્છમાં છેલ્લા કેટલાક દિવસથી અનુભવાઇ રહેલા અસહ્ય ઉકળાટ વચ્ચે ગઇકાલે જિલ્લામાં સરચરાચર મેઘ મહેર થઇ હતી. પૂર્વમાં રાપરથી લઇ પશ્ચિમે છેક લખપત તાલુકા પર કાચું સોનું વરસતાં કિસાન અને માલધારી આલમમાં આનંદની લાગણી પ્રસરી હતી. ગ્રામ્ય વિસ્તારોમાં છેલા વહી નીકળ્યા હતા તો જળાશયોમાં નવા નીર આવ્યા હતા. અંજારમા અડધા કલાકમાં અઢી ઇંચ વરસાદ ખાબક્યો હતો તો નખત્રાણામાં પોણા ત્રણ ઇંચ મહેર થઇ હતી.

**N.P. આરતી ભટ્ટ**

-----------------------------------------------------------------